દાખલ તારીખ :- ૨૯-૧૦-૨૦૨૧
નોંધ્યા તારીખ :- ૨૯-૧૦-૨૦૨૧
ફેંસલ તારીખ :- ૨૮-૦૭-૨૦૨૬
સમયગાળો :- વર્ષ-માસ-દિવસ.
૦૪-૦૮-૨૯

**<u>નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.</u>**

**<u>FORM-A</u>**

---

**સિધ્ધપુરના મે. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સિધ્ધપુર, જી.પાટણ.**

---

**શ્રી જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા, એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.**

(ચુકાદાની તારીખ : ૨૮/૦૭/૨૦૨૬ )

ફોજદારી કેસ નંબર :- ૩૨૮૦/૨૦૨૧

આંક :-

| **ગુનાની વિગતો** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | કાકોશી પોલીસ સ્ટેશન. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૨૧૭૦૧૪૨૦૦ ૬૫૮/૨૦૨૦ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ. એ. પી. પી. શ્રી | શ્રી કે.એમ. બારોટ |

| | |
|---|---|
| આરોપી | પ્રકાશજી પરબતજી ઠાકોર,<br>ઉ.વ.૨૫, ધંધો– ડ્રાઈવીંગ,<br>રહે. મોટો ઠાકોર વાસ, ધનાવાડા,<br>તા.સિધ્ધપુર, જી.પાટણ. |
| આરોપી તરફે વિ. વ. શ્રી | વિ.વ.શ્રી સી.એન.બ્રહમભટ્ટ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૭/૧૧/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૭/૧૧/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૧૦/૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૭/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૮/૦૨/૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## –:: આરોપીની વિગતો ::–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રકાશજી પરબતજી ઠાકોર, | ૨૭/૧૧/ ૨૦૨૦ | ૨૭/૧૧/ ૨૦૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. | નિર્દોષ | –– | – |

# FORM-C

## ફરીયાદ પક્ષના સાહેદોનું લીસ્ટ

### ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવો :-

| સાહેદ નંબર | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ઠાકોર ભરતજી ભવાનજી. | ફરિયાદી | ૦૭ |
| ૨ | ગોવિંદજી કાન્તિજી ઠાકોર. | પંચસાહેદ | ૧૦ |
| ૩ | ઠાકોર શ્રવણજી અનુપજી | સાહેદ | ૧૪ |
| ૪ | ઠાકોર પારખનજી રૂપસંગજી | સાહેદ | ૧૭ |
| ૫ | ઠાકોર સુરેશજી મફાજી | સાહેદ | ૧૮ |
| ૬ | ઠાકોર ગોવિંદજી કાન્તીજી | સાહેદ | ૨૧ |
| ૭ | ઠાકોર અરવીંદજી બાબુજી | સાહેદ | ૨૨ |
| ૮ | નટવરભાઇ દાનાભાઇ પરમાર | પી.એસ.ઓ. | ૨૯ |

### ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો :-

| અનુક્રમ નંબર | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદ |
| ૨ | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૨ | ઇન્કવેસ્ટ પંચનામું |
| ૪ | ૨૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૫ | ૨૪ | પી.એમ.નોટ |
| ૬ | ૨૫, ૨૬ | એકસીડંટ રીપોર્ટ ફોર્મ |

| | | |
|---|---|---|
| ૭ | ૩૦ | ગુન્હો રજીસ્ટ્રેશન કરવા માટેનો પત્ર |
| ૮ | ૩૧ | ડેપ્યુટ હુકમ |
| ૯ | ૩૨ | આરોપીના લાયસન્સની ઝેરોક્ષ નકલ. |
| ૧૦ | ૩૩ | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૧૧ | ૩૪ | ફોર્મ નં.૨૧ તથા ફોર્મ નં.૨૨ (સેલ સર્ટીફીકેટ) ની નકલો. |
| ૧૨ | ૩૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ અસલ. |
| ૧૩ | ૩૬ | પી.એમ.નોટ અસલ |

## :: ચુ કા દો ::

### (૧) ફરિયાદપક્ષે ટુંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી–

આ કામે ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૧૧/૨૦૨૦ ના ક.૮/૧૫ વાગ્યે ધનાવાડા ગામની સીમમાં ધનાવાડાથી પચકવાડા તરફ જતાં રોડ ઉપર તળાવની પાળ નજીક આ કામના તહોમતદારે પોતાનું વાહન ટ્રેકટર નંબર જી.જે.૨૩.બી.૩૪૪નું પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી આ કામના ફરિયાદી જે મોટરસાઇકલ નં.જીજે.૨૪. એ.કે. ૪૦૪૪ ચલાવતાં હતાં તે મો.સા.ની પાછળ બેઠેલ આ કામના મરણ જનારને મોટુ ટાયર અડી જતાં તે નીચે પડી જઇ માથાના ઉપરના ભાગેથી ટાયર ફરી જતાં માથાના ભાગે ગંભીર ઇજાઓ કરી સ્થળ પર મોત નિપજાવી, ગુનો કરેલ હોવાની ફરિયાદ કાકોશી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. આ અંગે ત.ક.અ.શ્રીએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં આખરી અહેવાલ દાખલ કરેલ.

### (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું–

મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢતા આ કામના આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આ ગુના સંબંધે આંક– ૪ થી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ અને કેસ આગળ ચલાવવા માંગતા હોય ફરિયાદપક્ષે હાલના કેસમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ 'ફોર્મ–સી' ના ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાના વર્ણનનું પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી અત્રે પુરાવાનું વર્ણન કરવામાં આવતુ નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(૪) વિશેષ નિવેદનઃ–**

ફરિયાદપક્ષે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. આવો કોઇ બનાવ બનેલ નથી ફરીયાદીના સગા બાઇક ઉપર થી પડી જવાથી ઈજા થતાં ગુજરી ગયેલ છે. કલેમ લેવા ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. વધુમાં પોતે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી, બચાવમા સાહેદો તપાસવા માંગતા નથી, તેવુ જણાવેલ છે.

## (૫) દલીલોઃ–

બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રી નાઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણયઃ–

સદર કામે રજૂ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

| ક્રમ | મુદા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૦૧ | શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૨૭/૧૧/૨૦૨૦ ના ક.૮/૧૫ વાગ્યે ધનાવાડા ગામની સીમમાં ધનાવાડાથી પચકવાડા તરફ જતાં રોડ ઉપર તળાવની પાળ નજીક આ કામના તહોમતદારે પોતાનું વાહન ટ્રેકટર નંબર જી.જે.૨૩.બી.૩૪૪નું પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી આ કામના ફરિયાદી જે મોટરસાઇકલ નં.જીજે.૨૪. એ.કે. ૪૦૪૪ ચલાવતાં હતાં તે મો.સા.ની પાછળ બેઠેલ આ કામના મરણ જનારને મોટુ ટાયર અડી જતાં તે નીચે પડી જઇ માથાના ઉપરના ભાગેથી ટાયર ફરી જતાં માથાના ભાગે ગંભીર ઇજાઓ કરી સ્થળ પર મોત નિપજાવી અને તે રીતે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ | નકારમાં |

| | | |
|---|---|---|
| | છે? | |
| ૦૨ | શું હુકમ ? | આખરી હુકમ મુજબ. |

**(૭) નિર્ણય માટેના કારણો–**

**(૭.૧)** આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂત સિધ્ધાંત છે કે, જયાં સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પર સાબિત કરવું જોઈએ.

**(૭.૨)** ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપી વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. આ કામે ફરિયાદીપક્ષે રજુ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદી ઠાકોર ભરતજી જવાનજીને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓના લગ્ન ધનાવાડા મુકામે ઠાકોર અનુપજી સવાજી ની દિકરી જયોત્સના સાથે થયેલા તેઓને સંતાનમાં બે દિકરા છે જેનુ નામ અમર અને તેનાથી નાનો ધવલ છે. બનાવ સમયે તેઓ ધારીવાડા એસ્સાર પેટ્રોલપંપ કડીયાકામ કરતો હતો તેઓની પાસે વપરાશ માટે પ્લેટીના બાઈક હતુ જેનો નંબર. જીજે.૨૪,એકે, ૪૦૪૪ નો હતો. તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ સાંજના સમયે તેઓ તેઓનુ બાઈક લઈને ધનાવાડા તેઓની સાસરીમાં ગયેલા હતા અને ત્યા રોકાયેલ. ધનાવાડા થી પચકવાડા તેઓના સાળાના કાકી નંદાબેન ઠાકોર જેઓ ના હાથે ફ્રેકચર થયેલ હોય જેથી તેમના સમાચાર લેવા માટે તા.૨૭/૧૧/૨૦૨૦ ના રોજ આશરે સવારના સવા આઠેક વાગ્યાના સુમારે તેઓ તથા તેઓનો સાળા વાલાજી ઉર્ફે બકાજી નીકળેલા અને બાઈક તેઓ

ચલાવતો હતા અને તેઓની પાછળ તેઓનો સાળો બેઠેલા હતા અને તેઓ ત્યાથી નીકળ્યા તેનાથી પાંચથી દશ મીનીટ ના ગાળામાં ધનાવાડા ગામની સીમમા ઠાકોર સમાજના સ્મશાન નજીક રોડ ઉપર તે વખતે પચકવાડા તરફથી એક ટ્રેકટર પુર ઝડપે આવતું હતું જે ટ્રેકટર ટ્રોલી સાથે હતું અને જેમાં રેત ભરેલ હતી અને તે વખતે ટ્રેકટર વાળો તેઓ રોડની સાઈડમાં ઉતરેલા હોવા છતા પણ તેઓને ટકકર મારેલી અને ટ્રેકટરે તેઓને અડફેટમાં લઈ લીધેલા હતા અને તે વખતે ટ્રેકટરનુ ટાયર તેઓના સાળાના ખભાના ભાગે અથડાયેલું જેથી તેઓના સાળા નીચે પડી ગયેલ અને ટ્રેકટરનુ મોટુ ટાયર તેઓના સાળાના માથા ઉપર થી ફરી ગયેલુ અને તેઓને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી અને તેઓ સ્થળ ઉપર મરણ ગયેલા,બનાવ સમયે ટ્રેકટર ચાલકને તેઓએ જોયેલા. અને ત્યારબાદ તેઓએ તેઓના મોટા સાળા શ્રવણ જી ને ફોન કરી અકસ્માત બાબતેની જાણ કરેલી અને તે વખતે તેઓના સાળા શ્રવણજી અને બીજા ઘણાબધા માણસો આવેલા અને તેઓના સાળાએ બનાવ અંગેની પોલીસને ટેલીફોનીક જાણ કરેલી અને તેઓના સસરા ના કુટુંબીજનો ભાઈઓ આવેલા. ત્યારબાદ તેઓના સાળાએ ફરીયાદ લખાવેલી. અને ત્યારબાદ તેઓના સાળાને સિધ્ધપુર દવાખાને લઈ ગયેલા. બનાવ સમયે તેઓએ ટેક્ટર નો નંબર જોયેલ નહી પરંતુ પાછળથી તેઓને તેઓના સાળા શ્રવણ જી પોથી ટેકટરનો નંબર જાણવા મળેલો જેનો ટેકટર નો નંબર પાછળથી ૩૪૪ હતો બીજુ શુ લખેલ તે તેઓને ખબર નથી. તેઓને કોઈ ઈજા થયેલ નહી. તેઓના મોટરસાયકલને ઈજા થયેલી નહી. આ ટ્રેકટર પ્રકાશની પરબતજી ચલાવતા હતા તે ઓ ધનાવાડા ગામના હતા જેને તેઓ ઓળખે છે જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. ટ્રેકટર પુરઝડપે આવતુ હતુ,બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી તેઓને કોર્ટ રેકર્ડમાંથી ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય જે રજુ દાખલ આંક– ૮ આપવામાં આવે છે. ત્યારબાદ પોલીસે તેઓનુ કોઈ વિશેષ નીવેદન લીધેલ નહી.

આ ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ જણાવેલ છે કે, " તેઓ ધોરણ–૮ સુધી ભણેલા છે. તેમને અંગ્રેજી લખતા વાંચતા આવડતુ નથી, ધનાવાડાથી પચકવાડા તરફ જવાનો રસ્તો સીંગલ પટ્ટી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સીંગલ પટ્ટી છે પણ પહોળો છે. મેળોજ થી તેઓ સીધા ધનાવાડા ગયેલા. તેઓ મેળોજ થી ધનાવાડા જવા માટે ૩ વાગે નીકળેલા અને ચાર થી સાડા ચાર વાગે પહોચેલા. તેઓ ધનાવાડા મુકામે નાઈટ રોકાયેલા. ધનાવાડા થી પચકવાડા જવા માટે તેઓ આઠ વાગે નીકળેલા. ધનાવાડા તેઓની સાસરી થતી હોવાથી મહીનામાં તેઓ એક થી બે વાર જાય છે. મેળોજ થી ધનાવાડા બાઈક લઈ જવુ હોય તો આશરે એક કલાક જેટલો સમય થાય. તેઓ ધનાવાડા ગયા ત્યારે જ તેમને ખબર પડેલી કે તેઓના કાકી સાસુ નંદાબેન પડી ગયા હતા. ધનાવાડા તેઓની સાસરી થતી હોય અને હાલનો આરોપી તેઓના કુટુંબમાં નજીકનો સગો થતો હોય તેઓ તેને ઓળખે છે. તેઓ લાયસન્સ ધરાવતા નથી. તેઓના બાઈકને વિમો છે. આ બાઈક તેઓ ચલાવતા હતા અને તેઓને કોઈ ઈજા થયેલી નહી. તેઓને તથા તેઓના બાઈકને કોઈ નુકશાન થયેલ નથી. આ બનાવ પછી તરત જ પોલીસ સ્ટેશન જાણ કેરેલી પરંતુ કયા નંબર થી જાણ કરેલી તેની તેમને ખબર નથી. તેઓએ કાકોશી પોલીસ સ્ટેશન જાણ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ ફરીયાદ આપેલી. એ વાતની તેઓને ખબર નથી કે, ટ્રેકટરની પાછલા ટાયરની હાઈટ કેટલી હોય. ટ્રેકટરે સામેથી ટકકર મારેલ નથી. તેઓએ તેમની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે, '' ટ્રેકટર પ્રકાશ પરબતજી ઠાકોર ચલાવતો હતો ''. બનાવ બાદ તેઓ તે જગ્યા ઉપર જ હતા, તેઓ કાકોશી પો.સ્ટે. ગયેલ હોય કે કાકોશી દવાખાને ગયેલ હોય તેવું બનેલ નથી. તેઓ તેમના સાળા સાથે સિધ્ધપુર દવાખાને આવેલા નહી. દવાખાને તેઓના સાળા શ્રવણજી અને તેમના સગાવહાલા આવેલા. તેઓને ટ્રેકટરનો નંબર યાદ નથી કે તેઓએ નંબર લખાવેલ નહી. તેઓએ ફરીયાદ બનાવવાળી જગ્યાએ આપેલી. તેઓએ ફરીયાદી લખાવેલી. ફરીયાદ લખાવી ત્યારે તેઓના સાળા શ્રવણજી તથા

બીજા સગા હાજર હતા. તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં એવુ લખાવેલ છે કે, " પોલીસને મારા સાળા શ્રવણ જીએ જાણ કરેલી.'' તેઓ કોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયેલા નથી. દરેક વાહન ઉપર નંબર અંગ્રેજીમાં લખેલ હોય છે. આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા તેઓ બાઈક પરથી સ્લીપ થઈ જવાથી પડી ગયેલ હોવા છતા કલેઈમ માટે હાલની આ ખોટી ફરીયાદ આપેલ છે. આ સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૭.૩)** વધુમાં આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદ ગોવિંદજી કાન્તિજી ઠાકોરને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને આશરે ૩ વર્ષ પહેલાં ૧.૧૫ થી ૨.૦૦ ના સુમારે ધનાવાડા થી પચકવાડા રોડ ઉપર આવેલ સમ્શાન આગળ તેઓને બોલાવેલા તે વખતે ફરીયાદી ભરતજી ભવાનજી તથા પોલીસ પરમાર સાહેબ તથા દશરથજી હમીરજી ઠાકોર હાજર હતા. તેઓને પંચનામું કરવા માટે બોલાવેલા. તેઓ સ્થળ ઉપર જઈને જોયેલ તો એક બાઈક અને ટ્રેક્ટર પડેલું હતું. અને બનાવવાળી જગ્યા સાથેના ભરતજી ભવાનજીએ બતાવેલી હતી. જે જગ્યા ધનાવાડા થી પચકવાડા તરફ જતા રસ્તાની ઉગમણી દિશામાં આવેલી હતી. તેની આજુબાજુમાં તળાવ હતું અને બીજી સાઈડમાં રોડ હતો અને રોડની સાઈડમાં રેતી પડેલી હતી. અને ત્યાં બાઈક સાઈડમાં પડેલું હતું અને ત્યાં ટ્રેક્ટરે બ્રેક મારેલાના લીસોટા પડેલા હતા. અને તે બાઈક બજાજ પ્લેટીના કંપનીનું હતું અને કાળા કલરનું હતું જેનો આગળનો નંબર તેઓને યાદ નથી પણ ૪૦૪૪ હતો. બાઈકને કોઈ પણ જાતનું નુકશાન થયેલું ન હતું. બાઈક પચકવાડા તરફ પડેલું હતું અને ટ્રેક્ટર ધનાવાડા તરફ પડેલું હતું. અને ટ્રેકટર ટ્રોલી સાથેનું રેત ભરેલું હતું. જે ટ્રેક્ટર મેસી ફરગ્યુસન ટાફે કંપનીનું હતું તેનો તેનો કલર તેઓને યાદ નથી. જેનો નંબર તેઓને યાદ નથી પણ ટ્રેક્ટરના આગળના ભાગે ઠાકોરસા લખેલું હતું. ટ્રેક્ટર ઉપર કોઈ નિશાનો જણાતાં નથી. બંન્ને વાહનોની યાંત્રીક તપાસણી સારૂ કાકોશી પોલીસ સ્ટેશને મોકલી આપેલ. ગુન્હાવાળી જગ્યાની ઉત્તર દિશામાં તળાવ, પશ્ચિમે સમ્માન હતું, દક્ષિણે પચકવાડા–ધનાવલાડા

રોડ આવેલ છે અને પૂર્વમાં ધનાવાડા ગામ આવેલ છે. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દાખલ આંક–૧૧. આપવામાં આવેલ છે,

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ ૯ મા ધોરણ સુધી ભણેલા છે. આ કામના ફરીયાદી ભરતજી ભવાનજી તેઓના જમાઈ થાય છે, આ કામના ફરીયાદી ભરતજી મેળોજ ગામે રહે છે. તેઓને પોલીસે ખેતરેથી રસ્તામાં આવતા હતા ત્યારે બોલાવવામાં આવેલા. તેઓના ખેતરો પશ્ચિમ દિશામાં આવેલા છે. આશરે બપોરના પોણા એક વાગ્યે તેઓના ખેતરેથી ઘરે જવા નિકળેલા. તેઓના ખેતરથી ગુન્હાવાળી જગ્યા અડધા કિમી જેટલા અંતરે આવેલી છે. તેઓ ઢોર ઢાંખર સાથે ખેતરમાં રહે છે. તેઓના ખેતરથી ગુન્હાવાળી જગ્યાએ આવવું હોય તો ૨૦ મિનિટ જેટલો સમય થાય. તેઓને પોલીસની ગાડી રસ્તામાં મળેલી. પોલીસે તેઓને રસ્તામાંથી બેસાડેલા. તેઓની પોલીસ ગામમાં બેસાડી લઈ ગયેલા. પંચનામું પરમાર સાહેબે આશરે ૧.૧૫ વાગે શરૂ કરેલું. તેઓએ લખાવ્યા મુજબનું પંચનામું લખેલું. પંચનામું રાઈટર લખતો હતો. બનાવવાળી જગ્યાએ વળાંક આવેલો છે. ત્યાં આજુબાજીમાં ખેતરો અને મકાનો આવેલા છે અને ત્યાં માપની અવરજવર હોય છે. ગામની અંદર બે–ત્રણ ગૃપ પડેલા છે પરંતુ ગામ એક છે. આ સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૪) વધુમાં આ કામે ફરિયાદપક્ષે સાહેદ ઠાકોર શ્રવણજી અનુપજીને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ હીરા ઘસતા હતા અને અમદાવાદ મુકામે રહેતા હતા. તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ સાંજના સમયે તેઓ તથા તેઓની પત્ની બને જણા અમદાવાદ થી તેઓના ઘરે ધનાવાડા આવેલા તેઓ ઘરે તેઓના કાકી ના સમાચાર લેવા આવેલા અને તેઓ રાત્રી રોકાણ ધનાવાડા મુકામે કરેલુ અને તે વખતે તેઓના ભાઈ બકાજી અનુપજી નો અકસ્માત થયેલો તેઓના ભાઈ તેઓના કાકીના સમાચાર લેવા બાઈક

લઈને જતા હતા અને સામે ટ્રેકટર પુર ઝડપે આવતુ હતુ. અને તેમનો અકસ્માત થયેલો અને સદર બનાવ ધનાવાડા થી પચકવાડા ના રોડ ઉપર શ્મશાન પાસે બનેલો તેઓને તેઓના બનેવી ભરતજી ભવાનજીએ ફોન કરી બનાવ અંગે જાણ કરેલી અને બકાજીને ટ્રેકટર સામેથી આવી તમે અહી આવો તેવું કહેતા તેઓ તેઓના પીતાજી બને બાઈક લઈને ત્યા ગયેલા અને પછી તેઓએ જઈને જોયેલ તો તેઓનો ભાઈ ઓફ થઈ ગયેલ હતો અને ટ્રેકટર માથાના ભાગે થી પસાર થઈ ગયેલ હતુ અને પછી તેઓએ પોલીસ સ્ટેશન મા ફોન કરેલો અને પોલીસ બનાવ સ્થળે આવેલી અને પોલીસે લખેલુ અને લાશને સિધ્ધપુર પોર્સ્ટ મોર્ટમ માટે લાવેલા અને પોર્સ્ટ મોર્ટમ કરી ઘરે લાવ્યા બાદ કાકોશી પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવેલી. ફરીયાદ તેઓના બનેવી ભરતજી ભવાનજીનાઓએ આપેલી. ત્યારબાદ પોલીસે તેઓનો બનાવ સબંધે જવાબ લીધેલ.

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ ધોરણ–૫ સુધી ભણેલા છે. તેઓ અમદાવાદ થી ધનાવાડા પ્રસંગોપાત તેમજ કોઈ મરણ પરણ સમયે આવતા હતા. બનાવ ની જાણ તેઓના બનેવી ભરતજીએ કરેલી બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. આ કામના ફરીયાદી તેઓના બનેવી થાય છે. આ કામના સાહેદ અનુપજી તેઓના પિતાજી થાય છે. આ કામના બીજા સાહેદો તેઓના સગા થાય છે. આ સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

**(૭.૫)** વધુમાં આ કામે ફરિયાદપક્ષે સાહેદ ઠાકોર પારખનજી રૂપસંગજીને આંક–૧૭ થી તથા ઠાકોર સુરેશજી મફાજીને આંક–૧૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ખેતરે હાજર હતા અને નવેક વાગેલા હતા. તેઓને વાતોવાત થી સમાચાર મળેલા કે, તેઓના સગા બકાજીનો મો.સાયકલમા ધનાવાડા થી પચકવાડા તરફ જતા રોડ ઉપર સ્મશાન પાસે અકસ્માત થયેલ છે તેવા સમાચાર મળતા તેઓ બનાવ વાળા સ્થળે ગયેલા અને ત્યા બકાજીની લાશ

રોડ ઉપર પડેલી અને બાઈક તેઓના જમાઈ નુ હતુ તે પણ રોડ ઉપર હતુ રોડની સાઈડમા એક ટ્રેકટર પડેલુ હતુ જેમા રેતી ભરેલી હતી અને ત્યાં તેઓના મહોલ્લાના માણસો ભેગા થઈ ગયેલા હતા અને ત્યાં ગયા પછી તેઓને વાતો વાત થી જાણવા મળેલ કે, આશરે આઠેક વાગે ઘરેથી ભરતજી આ બકાજીને મો.સાયકલ પાછળ બેસાડીને રવાના થયેલા અને ધનાવાડા ગામની સીમમા ઠાકોર સમાજના સમશાન પાસે વળાંક તરફ પસાર થતા હતા તે વખતે એક ટ્રેકટર ચાલક ટ્રોલી સાથે ભરતજીના બાઈકને એકદમ ટકકર મારેલી ભરતજી તેમનુ બાઈક સાઈડમા લેવાનો પ્રયત્ન કરેલો તે વખતે બકાજીને ટ્રેકટરનુ મોટુ ટાયર અડી જતા નીચે પડી ખેંચાઈ ગયેલા હતા. અને બાઈક સ્લીપ થઈ નીચે પડી ગયેલ અને તેઓ પણ રેત નીચે પડી ગયેલા હતા. અને ટ્રેકટર નુ ટાયર બકાજીના માથાના ભાગે ફરી વળેલુ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને તેઓ સ્થળ ઉપર મરણ ગયેલા હતા ટ્રેકટર ચાલક ત્યાથી જતો રહેલો હતો. ત્યારબાદ ઘરેથી શ્રવણને ફોન કરી અકસ્માત બાબતે વાત કરતા તેઓ તેઓના પરીવાર જનો સાથે આવી ગયેલા હતા અને ત્યારબાદ લાશને પી.એમ. માટે લઈ ગયેલા અને ત્યારબાદ તેઓ ઘરે આવી ગયેલા હતા. ટ્રેકટર અંગે તેઓને કાઈ જાણવા મળેલ નહી કે તેનો નંબર શુ હતો તેની પણ તેઓને ખબર નથી. ટ્રેકટર એક પરબતજી નામનો વ્યકિત ચલાવતો હતો તેવુ તેઓને પાછળથી જાણવા મળેલુ હતુ. બનાવ સબંધેની ફરીયાદ તેઓના જમાઈ ભરતજી ભવાનજીનાઓએ આપેલી. ત્યારબાદ પોલીસે તેઓનો બનાવ સબંધે જવાબ લીધેલ.

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતરમાં હતા. બનાવ બનતા તેઓએ નજરો નજર જોયેલ નહી. લોકોના કહેવાથી આરોપીનુ નામ જણાવેલું હતું.

**(૭.૬)** વધુમાં આ કામેફરિયાદપક્ષે સાહેદ ઠાકોર ગોવિંદજી કાન્તીજીને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ખેતરે હાજર હતા અને નવેક વાગેલા હતા. તેઓને

વાતોવાત થી સમાચાર મળેલા કે, તેઓના માસીનો દિકરો ભાઈ બકાજીનો મો.સાયકલમા ધનાવાડા થી પચકવાડા તરફ જતા રોડ ઉપર સમશાન પાસે અકસ્માત થયેલ છે તેવા સમાચાર મળતા તેઓ બનાવ વાળા સ્થળે ગયેલો અને ત્યા તેઓના માસીનો દિકરા બકાજીની લાશ રોડ ઉપર પડેલી અને બાઈક તેઓના જમાઈ નુ હતુ તે પણ રોડ ઉપર હતુ રોડની સાઈડમાં એક ટ્રેક્ટર પડેલુ હતુ જેમા રેતી ભરેલી હતી અને ત્યા તેઓના મહોલ્લાના માણસો ભેગા થઈ ગયેલા હતા અને ત્યા ગયા પછી તેઓને વાતો વાત થી જાણવા મળેલ કે, આશરે આઠેક વાગે ઘરેથી ભરતજી આ તેઓના ભાઈ બકાજીને મો.સાયકલ પાછળ બેસાડીને રવાના થયેલા અને ધનાવાડા ગામની સીમમા ઠાકોર સમાજના સમશાન પાસે વળાક તરફ પસાર થતા હતા તે વખતે એક ટ્રેકટર ચાલક ટ્રોલી સાથે ભરતજીના બાઈકને એકદમ ટકકર મારેલી ભરતજી તેમનુ બાઈક સાઈડમા લેવાનો પ્રયત્ન કરેલો તે વખતે બકાજીને ટ્રેકટરનુ મોટુ ટાયર અડી જતા નીચે પડી ખેચાઈ ગયેલા હતા. અને બાઈક સ્લીપ થઈ નીચે પડી ગયેલ અને તેઓ પણ રેત નીચે પડી ગયેલા હતા. અને ટ્રેકટર નુ ટાયર બકાજીના માથાના ભાગે ફરી વળેલુ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને તેઓ સ્થળ ઉપર મરણ ગયેલા હતા ટ્રેકટર ચાલક ત્યાથી જતો રહેલો હતો. ત્યારબાદ ભરતજીએ તેઓના ભાઈ શ્રવણને ફોન કરી અકસ્માત બાબતે વાત કરતા તેઓ પરીવારજનો સાથે આવી ગયેલા હતા. અને ત્યારબાદ લાશને પી.એમ. માટે લઈ ગયેલા અને ત્યારબાદ તેઓ ઘરે આવી ગયેલા હતા. ટ્રેકટર અંગે તેઓને કાઈ જાણવા મળેલ નહી કે તેનો નંબર શુ હતો તેની પણ તેઓને ખબર નથી. ટ્રેકટર એક પ્રકાશજી પરબતજી નામનો વ્યકિત ચલાવતો હતો તેવુ તેઓને પાછળથી જાણવા મળેલુ હતુ. બનાવ સબંધેની ફરીયાદ તેઓના જમાઈ ભરતજી ભવાનજીનાઓએ આપેલી. ત્યારબાદ પોલીસે તેઓનો બનાવ સબંધે જવાબ લીધેલ,

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતરમા હતા. બનાવ બનતા તેઓએ નજરો નજર જોયેલો નહી પરંતુ તેઓ સ્થળ ઉપર ગયેલા અને વાતો

વાત થી જાણેલુ. લોકોના કહેવાથી આરોપીનુ નામ જણાવેલુ હતુ. આ કામના ફરીયાદી ભરતજી તેઓના બનેવી થાય છે. તેઓને સમાચાર વાતો વાત થી જાણવા મળેલા કોણે આપેલા તે તેઓને ખબર નથી.

(૭.૭) વધુમાં આ કામે ફરિયાદપક્ષે સાહેદ ઠાકોર અરવિંદજી બાબુજીને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓની સાસરી ધનાવાડા મુકામે આવેલા હતા તે વખતે તેઓના સાઢુભાઈ ભરતજી પણ ધનાવાડા આવેલા અને પચકવાડા ગામે તેઓના સસરાના કાકી નંદાબેન પડી જવાથી પગે ઈજા થયેલી હોય તેઓના સમાચાર લેવા સારૂ ૮ વાગે તેઓના સાઢુ ભરતજી તેમનુ બાઈક પ્લેટીના લઈને અને તેમની સાથે તેઓના સાળા વાલજીજી ઉર્ફે બકાજી ને પાછળ બેસાડી ઘરેથી પચકવાડા જવા રવાના થયેલા અને થોડીક વારમા તેઓના સાળા શ્રવણજીનો ફોન આવેલો કે, બકાજીનો મો.સાયકલમા ધનાવાડા થી પચકવાડા તરફ જતા રોડ ઉપર સમશાન પાસે અકસ્માત થયેલ છે તેવા સમાચાર મળતા તેઓ બનાવ વાળા સ્થળે ગયેલા અને ત્યા તેઓના સાળા બકાજીની લાશ રોડ ઉપર પડેલી અને બાઈક તેઓના સાઢુનુ હતુ તે પણ રોડ ઉપર હતુ રોડની સાઈડમા એક ટ્રેકટર પડેલુ હતુ જેમા રેતી ભરેલી હતી અને ત્યા તેઓના મહોલ્લાના માણસો ભેગા થઈ ગયેલા હતા અને ત્યા ગયા પછી તેઓને વાતો વાત થી જાણવા મળેલ કે, આશરે આઠેક વાગે ઘરેથી તેઓના સાઢુ ભરતજી અને તેઓના સાળા બકાજીને મો.સાયકલ પાછળ બેસાડીને રવાના થયેલા અને ધનાવાડા ગામની સીમમા ઠાકોર સમાજના સમશાન પાસે વળાક તરફ પસાર થતા હતા તે વખતે એક ટ્રેકટર ચાલક ટ્રોલી સાથે તેઓના સાઢુ ભરતજીના બાઈકને એકદમ ટકકર મારેલી ભરતજી તેમનુ બાઈક સાઈડમા લેવાનો પ્રયત્ન કરેલો તે વખતે તેઓના સાળા બકાજીને ટ્રેકટરનુ મોટુ ટાયર અડી જતા નીચે પડી ખેંચાઈ ગયેલા હતા. અને બાઈક સ્લીપ થઈ નીચે પડી ગયેલ અને તેઓ પણ રેત નીચે પડી ગયેલા હતા. અને

ટ્રેકટર નુ ટાયર તેઓના સાળા બકાજીના માથાના ભાગે ફરી વળેલું અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને તેઓ સ્થળ ઉપર મરણ ગયેલા હતા ટ્રેકટર ચાલક ત્યાથી જતો રહેલો હતો. ત્યારબાદ તેઓના સાઢુ ભરતજીએ તેઓના સાળા શ્રવણને ફોન કરી અકસ્માત બાબતે વાત કરતા તેઓ પરીવારજનો સાથે આવી ગયેલા હતા. અને ત્યારબાદ લાશને પી.એમ. હતા. ટ્રેકટર માટે લઈ ગયેલા અને ત્યારબાદ તેઓ ઘરે આવી ગયેલા અંગે તેઓને કાઈ જાણવા મળેલ નહી કે તેનો નંબર શુ હતો તેની પણ તેઓને ખબર નથી. ટ્રેકટર એક પ્રકાશજી પરબતજી નામનો વ્યકિત ચલાવતો હતો તેવુ તેઓને પાછળથી જાણવા મળેલુ હતુ. બનાવ સબંધેની ફરીયાદ તેઓના સાઢુ ભરતજી ભવાનજીનાઓએ આપેલી. ત્યારબાદ પોલીસે તેઓનો બનાવ સબંધે જવાબ લીધેલ.

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ બનતા તેઓએ નજરો નજર જોયેલો નહી પરંતુ તેઓ સ્થળ ઉપર ગયેલા અને વાતો વાત થી જાણેલુ. લોકોના કહેવાથી આરોપીનુ નામ જણાવેલુ હતુ. આ કામના ફરીયાદી ભરતજી તેઓના બનેવી થાય છે. તેઓને અંગ્રેજી લખતા વાંચતા આવડતું નથી. પોલીસે તેઓનું નામ પુછી તેઓના સાઢુભાઇ ભરતભાઇના કહેવાથી જવાબ લખી લીધેલો. તેઓને બનાવ અંગે વાતો વાતોથી જાણાવા મળળેલ. પ્રત્યક્ષ બનાવ તેઓએ નજરો નજર જોયેલ હોય તેવું બનેલું નથી. લોકોના કહેવાથી આરોપીનું નામ લખાવેલું હતું.

**(૭.૮)** વધુમાં આ કામે ફરિયાદપક્ષે ત.ક.અ.શ્રી નટવરભાઈ દાનાભાઈ પરમારને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૨૭–૧૧–૨૦૨૦ ના રોજ તેઓ કાકોશી પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન કાકોશી પો.સ્ટે ટેલીફોનીક આવક નંબર ૧૧૩/૨૦૨૦ તા. ૨૭/૧૧/૨૦૨૦ ક. ૮:૫૦ વાગ્યે અકસ્માતમાં મરણ જનાર ઠાકોર વાલજી ઉર્ફે બકાજી અનોપજી રહે, ધનાવાડા વાળા ની લાશ સ્થળ ઉપર જઈ

ઈન્કવેસ્ટ પંચનામુ કરી સદર લાશને પી.એમ. માટે મોકલી મરણ જનાર ના બનેવી મોટરસાઈકલ ચાલક ભરતજી ભવાનજી રહે, મેળોજ વાળા ની ફરીયાદ લઈ ગુનો ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો બનતો હોય ગુનો રજીસ્ટ્રશન કરવા સાધનીક કાગળો સાથે પી.એસ.ઓ કાકોશીને મોકલતા ગુનો રજીસ્ટ્રેશન થયેલો. તેઓને તા. ૨૭-૧૧-૨૦૨૦ ના ગુનો રજીસ્ટ્રશન કરવા માટેનો પત્ર બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે ઓળખે છે જે રજુ દા. આંક ૩૦ આપવામાં આવે છે,તેઓને કોર્ટ રેકર્ડમાંથી આંક ૦૮ વાળી ફીરયાદ બતાવાવમાં આવે છે જે ફરીયાદ તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબ લખેલી છે તે છે જેમાં રૂબરૂ પણામાં તેઓની સહી છે. જે ઓળખે છે. તેઓને આંક ૧૧ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવાવમાં આવે છે જે પંચનામુ તેઓ એ તા.૨૭-૧૧-૨૦૨૦ ના રોજ ક. ૧૩:૧૫ થી ૧૩:૫૦ સુધી પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખેલુ તે છે જેમાં પંચોની સહી તથા રૂબરૂ પણામાં તેઓની સહી છે. તેઓને આંક ૧૨ નુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવાવમાં આવે છે જે પંચનામુ તેઓએ તા. ૨૭-૧૧-૨૦૨૦ ના રોજ ક. ૦૯:૩૦ થી ૧૦:૧૫ સુધી પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખેલુ તે છે જેમાં પંચોની સહી તથા રૂબરૂ પણામાં તેઓની સહી છે, ગુનો રજીસ્ટ્રેશન થયા બાદ ગુનાની તપાસ તેઓને પી.એસ.ઓ વિનુજી ઈશ્વરભાઈએ તેઓને ડેપ્યુટ કરતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. તેઓને તા. ૨૭-૧૧-૨૦૨૦ ના રોજ નો અસલ ડેપ્યુટ હુકમ બતાવાવમાં આવે છે જેમાં પી.એસ. ઓ વિનુજી ઈશ્વરભાઈની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દા.આંક-૩૧ આપવામાં આવે છે, ત્યારબાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને અકસ્માત કરનાર ટ્રેકટર ના ચાલક પ્રકાશજી પરબતજી ઠાકોર ને લાયસન્સની ઝેરોક્ષ નકલ, આધારકાર્ડ ની ઝેરોક્ષ નકલ તેમજ ફોર્મ નં ૨૧ તથા ફોર્મ નં ૨૨(સેલ સર્ટીફીકેટ) ની નકલો મેળવી કામમાં સામેલ રાખી જેને રજુ દાં આંક ૩૨ થી ૩૪ આપવામાં આવે છે,ત્યારબાદ તેઓએ અકસ્માત સ્થળની ફોરેન્સીક તપાસણી માટે ફોરેન્સીક

ઓફીસરને જાણ કરતા તેઓ સ્થળ ઉપર તપાસણી કરી જેનો અહેવાલ આપતા તેઓએ કામમાં સામેલ રાખેલ. તેઓને ૨૯–૧૧–૨૦૨૦ ના રોજ નો સ્થળ પરિક્ષણ અહેવાલ બતાવાવમાં આવે છે જેમાં ફોરેન્સીક ઓફીસર ડી.એમ. પટેલ ની સહી છે જે ઓળખે છે જે રજુ દા. આંક ૩૫ આપવામાં આવે છે. ત્યારબાદ મરણ જનાર વાલજીજી ઉર્ફે બકાજી અનોપજી ઠાકોર ની પી.એમ. નોટ મેળવી તપાસ ના કામે સામેલ રાખેલ. તેઓને પી.એમ. નોટ નંબર ૩૫/૨૦૨૦ તા.૨૭–૧૧–૨૦૨૦ ના રોજની બતાવવામાં આવે છે જેમાં મેડીકલ ઓફીસર બીજ પટેલ ની સહી છે અને સીકકો છે જે અસલ પી.એમ. નોટ ને રજુ દા. આંક ૩૬ આપવામાં આવે છે,તેઓએ તપાસ કામે અકસ્માત કરનાર વાહનના ચાલક પ્રકાશજી પરબતજીનો નિવેદન લેતા તેઓએ તેમના નિવેદનમાં તા. ૨૭–૧૧–૨૦૨૦ ના રોજ ભાટસણ થી પોતાના ટ્રેકટર ની ટ્રોલી માં લપ્પુ ભરીને આવતા હોય અને અકસમાત થયેલ હોવાનુ તેમના નિવેદનમાં જણાવેલ અને તેઓ એ તા. ૨૭–૧૧–૨૦૨૦ ના રોજ લપ્પુની પાવતી તપાસ કામે રજુ કરેલ જેને રજુ દા.આંક ૩૭ આપવામાં આવે છે,તચારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે પુરતો પુરાવો હોય સમયમર્યાદામાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.જે આજ રોજ નામ. કોર્ટમાં હાજર છે.

આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ કાકોશી પો.સ્ટેમાં વર્ષ ૨૦૧૯ થી નોકરી કરતા હતા. ફરીયાદી સાથે એક બે માણસો પો.સ્ટે આવેલા. ફરીયાદ આપવા આવચા ત્યારે સવારના આશરે ૧૧:૦૦ વાગ્યા હશે. ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ પ્રથમ સ્થળ ઉપર જઈ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને આરોપીની ધરપકડ કરેલી. તેઓ સ્થળ ઉપર ગયા ત્યારે તચાં ટ્રેકટર અને બાઈક બન્ને વાહનો પડેલા હતા. આ બન્ને વાહનો હાલ કઈ દીશામાં પડેલા હતા તે હાલ તેઓ કહી શકે નહી. જો બે વાહન સામ સામે અથડાય તો અથવા

સાઈડમાંથી અથડાય તો બન્ને વાહનને નુકસાન થાય તે પ્રશ્નના જવાબમાં જણાવુ છે કે મોટા વાહનને નુકસાન ના પણ થાય. આ બનાવમાં બાઈકને અકસ્માત થયેલ છે કે કેમ તે તેઓ રેકર્ડ જોઈને જણાવે છે કે બાઈકને કોઈ નુકસાન થયેલ નથી. તેઓએ તપાસના કામે બાઈક ચાલકના બાઈક ને રીલેટેડ કોઈ પેપર્સ કે બાઈક ચાલકનુ કોઈ લાયસન્સ મેળવેલ નહી. તેઓને તપાસ મળ્યા બાદ બનાવવાળી જગ્યાએ તેઓ આશરે બારેક વાગ્યે પહોંચેલા. બનાવવાળી જગ્યાએ વળાંક આવેલો છે. બનાવવવાળી જગ્યાએ તેઓએ કોઈ ફોટા લીધેલા નહી. બનાવવાળી જગ્યાએ વળાં કની સાથે ધુળ વાળી જગ્યા છે. પંચનામુ કર્યુ તેમાં ટ્રેકટર ને કોઈ નુકસાન થયુ હોય કે બાઈક ઘસડાવવાથી ટ્રેકટરનો કલર નીકળી ગયો હોય તેવી. કોઈ હકીકત બનેલ નથી. હાલના બનાવની બન્ને વાહનોની યાંત્રીક તપાસણી કરાવેલ નથી. આંક ૨૩ વાળા રીપોર્ટમાં જણાવેલ છે કે સદર રેતી ધુળ વાળા ભાગે દૂ ચકી વાહન ચલાવાવમાં મુશકેલી થઈ શકે તેમ છે. સદર કામે અસર કરતા મરણ જનારના સગા સબંધી સીવાય અન્ય કોઈ તટસથ સાહેદોના નીવેદન લીધેલા નથી. બનાવવાળો રોડ મેઈન રોડ હોય ઘણા બધા વાહનોની અવર જવર રહેતી હોય છે.

(૮) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં કાયદાની જોગવાઈ જોઈએ તો, આરોપી સામે ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનો આરોપ છે, જેથી આ અંગે કાયદાની જોગવાઈ જોઈએ તો, નીચે મુજબના ગુન્હા સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના તત્વો નિઃશંકપણે સાબિત કરવાના રહે છે,

**<u>ઈ.પી.કો.કલમઃ ૨૭૯ (જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી)</u>:-**

(૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી,
(૨) બેફામપણે અથવા બેદરકારી પુર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,

(૩) જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

**<u>ઇ.પી.કો.કલમઃ ૩૦૪–અ (બેદરકારીથી મૃત્યુ નિપજાવવું)</u>:–**

(૧) કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું,
(૨) આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આચરેલા કૃત્યના કારણે નીપજ્યું,
(૩) આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

ઉપરોક્ત તત્વો ફરીયાદપક્ષે તેઓના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે.

**(૯) આખરી તારણઃ**

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપી વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. આ કામે ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલા સમગ્ર લેખિત અને મૌખિક પુરાવાની સમીક્ષા કરીએ તો, આ કામે આંક–૦૮ થી રજૂ થયેલ ફરિયાદીની ફરિયાદ વંચાણે લેતાં, " ગઇકાલ તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ સાંજના હું મારૂ બાઇક લઇ મેળોજથી મારી સાસરી ધનાવાડા ગામે આવેલ અને રાત્રી રોકાણ મારી સાસરીમાં જ કરેલ.બાદ પચકવાડા ગામે ખેતરમાં રહેતાં મારા સસરાના કાકી નંદાબેન રામાજી ઠાકોરને પડી જવાથી પગે ઈજા થયેલ હોઇ તેઓના સમાચાર લેવા સારૂ આજરોજ તા.૨૭/૧૧/૨૦૨૦ ના રોજ આશરે સવા આઠેક વાગ્યે ઘરેથી મારા સાળા વાલજીજી ઉર્ફે બકાજી અનુપજી ઠાકોર ને મો.સા.માં પાછળ બેસાડી સાથે લઇ રવાના થયેલ અને ધનાવાડા ગામની સીમમાં ઉગમણા તળાવની પાળ નજીક આવેલ ઠાકોર સમાજના સ્મશાન નજીક રોડ ઉપર વળાંકમાં પસાર થતા હતાં તે વખતે પચકવાડા ગામ તરફથી એક ટ્રેક્ટર ચાલક ટ્રોલી સાથે તેનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ

આવતાં મારા બાઇકને મે એકદમ જ રોડની સાઇડમાં લેવા પ્રયત્ન કરેલ તે વખતે મારી પાછળ બેઠેલ મારા સાળા વાલજીજી ઉર્ફે બકાજીને ટ્રેક્ટરનુ મોટુ ટાયર અડી જતાં તેઓ નીચે પડી ખેંચાઇ ગયેલ અને હુ રોડની સાઇડમાં રેતી હોઇ બાઇકને તે તરફ દબાવેલ પરંતુ થોડીવારમાં મારુ બાઇક સ્લીપ થઇ નીચે પડી ગયેલ અને હુ પણ નીચે રેતમાં પડી ગયેલ અને મે જોયેલ તો ટ્રેક્ટરનું ટાયર મારા સાળા વાલજીજીના માથાના ભાગેથી ફરી ગયેલ હતું અને માથામાં ગંભીર ઇજાના કારણે લોહી વહેવા લાગેલ હતુ તેમજ તેમની જીભ બહાર આવી ગયેલ. આ મારા સાળા સ્થળ ઉપર જ મરણ ગયેલ હતાં અને આ ટ્રેક્ટરનો ચાલક ટ્રેક્ટર લઇ ત્યાંથી જતો રહેલ. ત્યારબાદ મે મારા મોટા સાળા શ્રવણજી અનુપજીને ફોન કરી અકસ્માત બાબતે વાત કરતાં થોડી જ વારમાં તેઓ મારા સસરા અનુપજી સવાજી ઠાકોર ને સાથે લઇ આવી ગયેલ તેમજ બીજા ઘણાં બધા માણસો પણ ભેગાં થયેલ હતાં અને થોડીવાર બાદ આ ટ્રેક્ટર ચાલકના કુટુંબના માણસો પણ આવેલા અને ટ્રેક્ટર તેમજ તેનો ચાલક પ્રકાશજી પરબતજી ઠાકોર રહે.ધનાવાડા, ઠાકોર વાસવાળો પણ સ્થળ પર આવી ગયેલ તેમજ મારા સાળા શ્રવણજીએ ફોનથી પોલીસ સ્ટેશન જાણ કરેલ હોઇ આપ સાહેબ પણ સ્થળ પર આવી ગયેલ.આ મારા સાળાની લાશ પર જરૂરી કાગળો કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે દવાખાને મોકલી આપેલ છે. મારા સાળા વાલજીજી ઉર્ફે બકાજી ની ઉંમર આશરે ૩૨ વર્ષની હતી. અકસ્માત કરનાર ટ્રેક્ટર કે ટ્રોલી પર નંબર હતો નહીં પરંતુ પાછળથી મને જાણવા મળેલ કે,આ ટ્રેક્ટરનો નંબર જીજે.૨૩.બી.૩૪૪ નો છે. મને ટ્રોલીનો નંબર જાણવા મળેલ નથી. મને આ અકસ્માતમાં કોઇ ઇજા થયેલ નથી કે મો.સા.ને કોઈ નુકશાન થયેલ નથી. જેથી આ ટ્રેક્ટર નંબર જીજે.૨૩.બી.૩૪૪ ના ચાલક પ્રકાશજી પરબતજી ઠાકોર રહે.ધનાવાડા, ઠાકોરવાસવાળા એ પોતાનુ ટ્રેક્ટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી અકસ્માત કરી મો.સા.માં પાછળ બેઠેલ મારા સાળાને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નિપજાવેલ હોઇ મારી સદરી ટ્રેક્ટર ચાલક વિરુધ્ધમાં ધોરણસર થવા ફરિયાદ છે." આ મુજબની ફરિયાદ હકીકત છે.

જ્યારે ફરિયાદીપક્ષે આંક–૭ થી રજુ ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, ટ્રેકટર ટ્રોલી સાથે હતું અને તેમાં રેત ભરેલી હતી અને તે વખતે ટ્રેકટર વાળો તેઓ રોડની સાઇડમાં ઉતરેલા હોવા છતાં પણ તેઓને ટકકર મારેલી અને ટ્રેકટરનું ટાયર તેઓના શાળાને ખભે અથડાતા તેઓ નિચે પડી જતાં તેના માથા ઉપરથી ટ્રેકટરનું ટાયર ફરી વળતા અકસ્માત થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ સદરહુ ફરિયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ સ્પષ્ટપણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે" **ટ્રેકટરે સામેથી ટકકર મારેલ નથી.**" તેમજ તેઓએ તેમની ફરિયાદમાં એવું લખાવેલ નથી કે, ટ્રેકટર પ્રકાશ પરબતજી ઠાકોર ચલાવતો હતો. તેઓને ટ્રેકટરનો નંબર યાદ નથી કે તેઓએ લખાવેલ નથી. આમ, સદરહુ ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં બનાવ વાળી જગ્યા એ વળાંક વાળી હોવાનું જણાય છે તેમજ અકસ્માત કરનાર ટ્રેકટરમાં માટી પણ ભરેલી હતી તેવી હકીકત જણાવે છે. ત્યારે એ હકીકત માનવાને કારણ રહે છે કે જયારે કોઇ ટ્રેકટરની ટ્રોલીમાં માટી ભરેલી હોય ત્યારે તે ટ્રેકટરને રોડ પર વળાંક જેવી જગ્યાએ વાહનને ધીમું કરવું પડતું હોય છે વધુમાં વળાંક જેવી જગ્યાએ જયારે વાહન સામેથી આવતું હોય ત્યારે અકસ્માત સામેથી થવાની શકયતાઓ રહેલી છે પરંતુ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરિયાદીએ ટ્રેકટરે સામેથી ટકકર મારેલ હોવાનો ઇન્કાર કરેલ છે. વધુમાં ફરિયાદીની હાજરીમાં આંક–૧૧ વાળું પંચનામું થયેલ હોય જે ધ્યાને લેતાં બનાવ વાળી જગ્યાએ રોડ ૧૫ ફૂટ જેટલો પહોળો જણાયેલ છે અને રોડની એક સાઇડે રેતી રોડ ઉપર પથરાયેલી છે. અકસ્માતમાં ટ્રેકટર તથા ટ્રોલી પર કોઇ લોહીના નિશાન પણ જણાયેલા નથી કે બાઇકને પણ કોઇ નુકશાન થયેલ ન હોવાનું અને બન્ને વાહન ચાલુ હાલતમાં હોવાનું જણાવેલ છે જો ટ્રેકટર ટ્રોલીની સ્પીડ વધારે હોત તો વાહનને પણ નુકસાન થાય તે હકીકત સમજી શકાય છે. પરંતુ વાહનને કોઇ જ નુકશાન થયેલ નથી. જેથી હાલના સંજોગો ધ્યાને લેતાં અકસ્માત સમયે ટ્રેકટરની સ્પીડ વધારે હતી કે કેમ? તથા હાલનો આરોપીજ તે વાહન હંકારી રહયો હતો કે કેમ? તે સંદર્ભે શંકા ઉપસ્થીત થઇ આવે છે. વધુમાં હાલના કામે તપાસવામાં આવેલ

પંચસાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં સ્થળ સ્થિતી મુજબની વિગત જણાવેલ છે અને તેઓ ફરિયાદીના સગા હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓએ હાલનો બનાવ નજરે જોયેલ હોય તેવું જણાતું નથી. વધુમાં હાલના કામે તપાસવામાં આવેલ મહત્વના એવા સાહેદોની જુબાની ધ્યાને લેતાં તે ફરિયાદીના સગા વહાલા છે. જેથી તેઓ બનાવ સંદર્ભે ફરિયાદી તથા ફીરયાદને સમર્થન કરતો પુરાવો આપે તે સ્વાભાવીક છે. પરંતુ તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ તમામ હીયરસે સાહેદ છે અને બનાવને નજરે જોનાર સાહેદો નથી. વધુમાં હાલના કામે આંક–૨૯થી તપાસવામાં આવેલ ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેમની તપાસને અનુરુપ જુબાની આપી આંક–૩૦ થી ૩૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં અકસ્માત વળાંકમાં થાય તો બન્ને વાહનોને સામ સામેથી થાય તે હકીકતનો સ્વીકાર કરેલ છે તેમજ અકસ્માતમાં બાઇકને નુકસાન થયેલ નથી. બનાવવાળી જગ્યાએ વળાંક આવેલો છે અને બનાવવાળી જગ્યાએ ધુળ વાળો રસ્તો છે. પંચનામું કયૃ તેમાં ટ્રેકટરને કોઇ નુકસાન થયુ હોય કે બાઇક ઘસડાવવાથી ટ્રેકટરનો કલર નીકળી ગયો હોય તેવી કોઇ હકીકત બનેલ નથી. તેમજ હાલના બન્ને વાહનોની કોઇ યાંત્રીક તપાસણી પણ તેઓ ધ્વારા કરાવેલ નથી. પરંતુ આંક–૨૩ વાળા રીપોર્ટમાં જણાવેલ છે કે સદર રેતી ધુળ વાળા ભાગે દૂ ચક્રી વાહન ચલાવવામાં મુશ્કેલી થઇ શકે તેમ છે. બનાવવાળી જગ્યાએ તેઓએ કોઇ ફોટા લીધેલા નથી. સદર કામે અસર કરતા મરણ જનારના સગા સબંધી સીવાય અન્ય કોઇ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલા નથી. બનાવ વાળો રોડ મેઈન રોડ હોય ઘણા બધા વાહનોની અવર જવર રહેતી હોય છે. આમ, સદરહુ ત.ક.અ.ની જુબાની ધ્યાને લેતાં કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જેથી સદરહુ ત.ક.અ.ની જુબાની થકી વધુમાં બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોઈ અને ત્યાં વાહનોની અવર જવર હોવા છતાં આ કામે ત.ક.અ.શ્રી દ્વારા બનાવવાળી જગ્યાએથી કોઇ સ્વતંત્ર કે તટસ્થ સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે ફરીયાદપક્ષે તેવા કોઇ સ્વતંત્ર કે તટસ્થ

સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી અને નહી તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ નથી અને તપાસવામાં આવેલ ઉપરોક્ત સાહેદો કે જે ફરિયાદી અને મરણ જનારના સગા સંબંધીઓ હોય તેઓના પુરાવા પર આધાર રાખી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય નહી. અને સદર સાહેદોના પુરાવાથી પણ આ કામના આરોપીએ જ પોતાની ટ્રક પૂરઝડપે, ગફલતભરી રીતે હંકારી હાલનો અકસ્માત કરેલ હોવાની હકીકતને સ્પષ્ટપણે સમર્થન પ્રાપ્ત થતુ નથી.

આમ, બનાવવાળા સ્થળે અકસ્માત થયેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ હાલના આરોપીએ જ તા.૨૭/૧૧/૨૦૨૦ ના ક.૮/૧૫ વાગ્યે ધનાવાડા ગામની સીમમાં ધનાવાડાથી પચકવાડા તરફ જતાં રોડ ઉપર તળાવની પાળ નજીક આ કામના તહોમતદારે પોતાનું વાહન ટ્રેકટર નંબર જી.જે.૨૩.બી.૩૪૪નું પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી આ કામના ફરિયાદી જે મોટરસાઈકલ નં.જીજે.૨૪. એ.કે. ૪૦૪૪ ચલાવતાં હતાં તે મો.સા.ની પાછળ બેઠેલ આ કામના મરણ જનારને મોટુ ટાયર અડી જતાં તે નીચે પડી જઈ માથાના ઉપરના ભાગેથી ટાયર ફરી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી સ્થળ પર મોત નિપજાવી ગુન્હો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થતી નથી ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુનાના કામે આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને ફરિયાદપક્ષ વ્યાજબી શં કાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ તથા ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ ''નકાર'' માં આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: <u>આ ખ રી હુ ક મ</u> ::

(૧) આ કામના આરોપી પ્રકાશજી પરબતજી ઠાકોર,રહે. મોટો ઠાકોર વાસ, ધનાવાડા, તા.સિધ્ધપુર, જી.પાટણ. નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલ વાહન અંગેના પુરાવા લઈ તેના માલિકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના ટ્રાયલ દરમિયાનના જામીન તથા જામીનખત રદ કરવા.

(૪) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે વ્યકિતગત રીતે રૂ. ૧૦,૦૦૦–૦૦ ના સધ્ધર જામીનઅને તેટલી જ રકમના જાત જામીન છ માસના ગાળાના દિન–૭ માં આપવા.

હુકમ આજ તા.**૨૮મી,** માહે **જુલાઇ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬
સ્થળ : સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર.
કોડ નં.જીજે–૦૦૮૭૭